ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

તાપમાન	મહત્તમ	લઘુત્તમ
અંકલેશ્વર	૩૦.૦° સે.	૧૮.૦° સે.
બારડોલી	૨૯.૦° સે.	૧૫.૦° સે.
ભરૂચ	૩૦.૦° સે.	૧૮.૦° સે.
વ્યારા	૨૯.૦° સે.	૧૫.૦° સે.

‘સુવિધા’ના નામે લગાવવામાં આવી રહેલાં સ્માર્ટ મીટર હવે સામાન્ય ગ્રાહકો માટે જોખમી બન્યાં, ભરૂચમાં ગ્રાહકને સાડા છ લાખનું વીજબિલ ફટકારાયું

સ્માર્ટ મીટરનો સ્માર્ટ અત્યાચાર!

વીજકંપનીનો ગ્રાહકને ઝાટકો

રૂ.2000-2500નું બિલ ચૂકવનારા સોલાર ધારી ગ્રાહકને એક ઝાટકામાં રૂ.6,62,484નું બિલ આવતાં પરિવાર ચિંતામાં ડૂબ્યો

ભરૂચઃ સરકાર દ્વારા ‘સુવિધા’ના નામે લગાવવામાં આવી રહેલા સ્માર્ટ મીટર હવે સામાન્ય ગ્રાહકો માટે જોખમી બનતા જાય છે કે શું? એવો ગંભીર સવાલ ભરૂચના જૂના ભરૂચ વિસ્તારના કંસારવાડમાં સામે આવ્યો છે. કાળકા માતા મંદિર પાછળ રહેતા દીક્ષિતભાઈ રાણા, જેઓએ પોતાના મકાન ઉપર સોલાર પેનલ લગાવી વીજ બચતનો પ્રયાસ કર્યો છે અને જેમનું દર મહિને માત્ર રૂ.2000થી રૂ.2500 વચ્ચેનું વીજબિલ આવતું હતું, તેમને સ્માર્ટ મીટર લગાવ્યા બાદ એક ઝાટકામાં રૂ.6,62,484નું તોતિંગ બિલ થમાવી દેવામાં આવ્યું છે. આ અવિશ્વસનીય બિલ જોઈ પરિવાર ભય, તણાવ અને ચિંતામાં ગરકાવ થઈ ગયો છે.

દીક્ષિતભાઈ રાણાના જણાવ્યા મુજબ તા.21/9/2025ના રોજ તેમના મકાનમાં સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યું હતું. ત્યારબાદ નવેમ્બર માસનું આ પ્રથમ બિલ આવ્યું જે જોઈ વીજ ગ્રાહકના હોશ ઊડી ગયા. સીધું સાડા છ લાખ ઉપરાંતનું બિલ કયા ગણિતથી આવ્યું તે સ્થાનિકો માટે પણ કોયડો છે. આશ્ચર્યની વાત એ છે કે, અગાઉ સતત ઓછું બિલ આવતું હોવા છતાં અને હવે સોલાર પેનલ પણ કાર્યરત હોવા છતાં સ્માર્ટ મીટર લગાવાતાં જ આટલી વિશાળ રકમનું તોતિંગ બિલ કેવી રીતે આવી શકે? આ સવાલનો જવાબ DGVCL પાસે પણ નથી. દીક્ષિતભાઈને WhatsApp પર બિલનો મેસેજ મળતાં જ તેઓ ટેન્શનમાં આવી ગયા હતા. તપાસ કરતા આ બિલ સાચું હોવાનું જાણવા મળતાં પરિવાર પર આઘાત સમાન સ્થિતિ સર્જાઈ હતી. દીક્ષિતભાઈએ દક્ષિણ ગુજરાત વીજ કંપની સામે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે કહ્યું કે, ‘આ સ્માર્ટ મીટર સરકાર તરફથી લગાવવામાં આવ્યું છે, પરંતુ તેમાં મોટી ભૂલ થઈ છે. આવી ગંભીર ભૂલને તરત સુધારી યોગ્ય જવાબ આપવો જોઈએ. જો આવું બિલ કોઈ હૃદયરોગી વ્યક્તિને આપવામાં આવે અને તે આઘાતમાં જીવ ગુમાવે તો તેની જવાબદારી કોણ લેશે?’ તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે ‘‘આ બિલ સદંતર ખોટું છે અને સ્માર્ટ મીટર લગાવ્યા બાદ જ આ વિસ્ફોટક રકમનું બિલ આવ્યું છે.

Dakshin Gujarat Vij Company Limited
Reg. Office : Urja Sadan, Nana Varachha Road, Kapodara, SURAT-395 006
CIN : U40102GJ2003SGC042909 GST NO:24AABCD8912C1Z3 website: www.dgvcl.com
DGVCL — Electricity Consumption Bill — Helpline No. 1800-233-3003/19123

DIXIT NAGINLAL RANA
B-1354 KANSARWAD
BROACH
Bharuch (M+OG)
Bharuch
Bharuch
Census Code : 42104000
Feeder Code/Name : 141703 / 11KV NAVCHOKI

Subdivision Name	BHARUCH(WEST)
Mobile No	
Route Code	8/09/13/041
Bill Month	Nov,25
Bill Date	02-01-2026
Due Date	12-01-2026
Duration Of Meter Reading	From Date 24-09-2025 to Date 30-11-2025

Scan QR To Pay

Consumer No	00307004694	Bill No	Ind. Type	Security Deposit	Seasonal Indicator	Days
Meter No	DSMSAE0138479	Tariff RGPU		2368		

Phase	MF	Meter Status	Max Demand	Feeder Code	Meter Rent Code	HP/KW	Lock Ind	Lock Days
S	1	C	2	23	S	.5		

	Unit	Reactive Unit	Peak Unit 1	Peak Unit 2
Current reading	0	0	0	0
Past Reading	4	0	0	0
Consumption	76989	1	0	0
Bi-Directional Meter	Import	Export	Off Peak Unit	
Current Reading	266	1178	0	
Past Reading	0	0	0	
Consumption	266	1178	0	
	Night Unit	Solar Gen Units	Max Demand	
Current reading	0			
Past Reading	0	0	Off Peak Max Dem	0
Consumption			Night Max Dem	0
Ujala	Installment	Amount	Temporary End Date	
Bulb			ED Exemption Date	
Tube light			Recoverable Deposit	
Fan				
Total			Solar Scheme	
Total Consumption	76989	Total Company Charge		576099.85
Average	12830	Average Max. Demand		0
Advance Interest	0	Advance Interest Date		

Sr.No	Bill Details	Rs/ Ps.
1	Fixed Charge	59.00
2	Energy Charge	398966.15
3	Minimum Charge/Ujala EMI	0.00
4	Reactive Charge	0.00
5	TOU Charge	0.00
6	Fuel Charge @2.3	177074.70
7	Electricity Duty @15	86414.98
8	Meter Rent	0
9	Fuse Misc. Charge	0
10	DPC	0.00
11	Tot Amt (1 to 10)	662514.83
12	Provisional Bill	0
13	Discount/Rebate	0
14	Total Amount (11+12-13)	662514.83
15	Arrears	-30.42
16	Solar Purchase Rate @2.25	0
17	Solar Banking Charge	0
18	Total Amt.(14+15-16+17)	662484.41
19	Govt. Relief	0
20	Total Amt.(18-19)	662484.41
21	Total Payment	0
22	Adjustment	0
23	Tariff/FPPPA Adjustment	0
24	Total Bill Amt.(20-21±22 ±23)	662484.41
	Theft Arrears 0	Litigation Arrears 0

પ્રધાનમંત્રી - સૂર્ય ઘર મફત વીજળી યોજના

Details of Last three bills

Month	May	July	September
Unit	298	306	0
Amount	2095.07	2155.79	0.00

This is a system generated statement, so no signature is required. For further details please contact our nearest subdivision.

વીજકંપનીની કાર્યપદ્ધતિ પર પ્રશ્નાર્થ

સમગ્ર ગુજરાત સહિત ભરૂચ જિલ્લામાં પણ સ્માર્ટ મીટર લગાવ્યા બાદ અચાનક અને અસહ્ય વીજબિલ આવવાની ફરિયાદો સતત એકધારી ઊઠી રહી છે. સમગ્ર ગુજરાતમાં સ્માર્ટ મીટર વિરુદ્ધ ઉઠેલા વિરોધ વંટોળ છતાં સરકાર અને વહીવટી તંત્ર આ અંગે મૌન સેવીને તથા વીજ કંપનીઓ તોતિંગ બિલો ફટકારીને પ્રજાના જખમ પર મીઠું ભભરાવવાનું કામ કરી રહી છે. હાલ સોલાર પેનલ ધરાવતા ગ્રાહકને સાડા છ લાખનું બિલ થમાવવાની ઘટના વીજકંપનીની કાર્યપદ્ધતિ પર ગંભીર પ્રશ્નચિહ્ન ઊભું કરે છે.

પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર હાઈવે પર ફરી ટ્રાફિકજામ

માંડવાથી મોતાલી પાટિયા સુધી વાહનોનાં પૈડાં થંભી ગયાં, ચાલકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા

અંકલેશ્વરઃ અંકલેશ્વર નેશનલ હાઇવે પર માંડવાથી મોતાલી પાટિયા સુધીના માર્ગ પર છેલ્લા દસ દિવસથી સતત ભારે ટ્રાફિકજામ સર્જાઈ રહ્યો છે, જેના કારણે હજારો વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ખાસ કરીને ભરૂચથી સુરત તરફ જવાના ટ્રેક પર સમસ્યા વધુ ગંભીર બની છે. જ્યારે વિરુદ્ધ દિશાનો ટ્રાફિક સામાન્ય રીતે ચાલી રહ્યો હોવાનું જોવા મળે છે.

સ્થાનિક સૂત્રો અનુસાર રોજના પિક અવર્સ દરમિયાન ત્રણ કિલોમીટરથી વધુ લાંબી વાહનોની લાઇન લાગી જાય છે. નોકરિયાત વર્ગ, ખાનગી કંપનીઓમાં કામ કરતા કર્મચારીઓ, સ્કૂલ બસો તથા એમ્બ્યુલન્સ જેવા ઇમર્જન્સી વાહનોને પણ લાંબા સમય સુધી અટવાવું પડે છે. ઘણા વાહનચાલકોને સમયસર ગંતવ્ય સુધી પહોંચવા વૈકલ્પિક માર્ગો અપનાવવાની ફરજ પડી રહી છે.

ટ્રાફિકજામનાં મુખ્ય કારણોમાં અંતિમ ટ્રેક પર નાના તેમજ મોટા વાહનોનો બેફામ પ્રવેશ, બાઈકચાલકો માટે અલગ લેનની અછત અને રોડની સાઈડ પર લાંબા સમય માટે વાહનો પાર્ક થવાનું મહત્ત્વપૂર્ણ કારણ ગણાવવામાં આવી રહ્યું છે. રોડ સાઈડ પાર્કિંગને કારણે માર્ગ સાંકડી બની જતા ટ્રાફિક વધુ ખોરવાય છે. ખાસ કરીને ભારે વાહનો જ્યારે અચાનક અટકે છે ત્યારે પાછળથી આવતાં બાઈક અને કાર ચાલકો માટે અકસ્માતનો ખતરો વધે છે. સ્થાનિક રહેવાસીઓ અને નિયમિત વાહનચાલકોનું કહેવું છે કે આ સમસ્યા હવે રોજેરોજની બની ગઈ છે, છતાં ટ્રાફિક પોલીસ અથવા હાઇવે પ્રશાસન દ્વારા કાયમી ઉકેલ માટે પૂરતી કાર્યવાહી થતી નથી. કેટલીક જગ્યાએ ટ્રાફિક નિયંત્રણના સાધનો, સંકેતો તથા પોલીસ કર્મીઓની અછત પણ જોવા મળે છે. લોકોમાં વધતા રોષ વચ્ચે માંગ ઊઠી રહી છે કે ભરૂચ-સુરત ટ્રેક પર તાત્કાલિક ટ્રાફિક મેનેજમેન્ટ માટે વધારાનો સ્ટાફ મૂકી રોડ સાઇડ પાર્કિંગ પર કાર્યવાહી કરવામાં આવે.

લાંબા સમય સુધી પાર્ક કરાતાં વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે

આ બાબતે ટ્રાફિક પોલીસ અને હાઇવે પ્રશાસનના જવાબદાર અધિકારીઓએ જણાવ્યું હતું કે, માંડવાથી મોતાલી પાટિયા સુધીના માર્ગ પર વધતા વાહનભાર તથા રોડ સાઈડ પાર્કિંગના કારણે ટ્રાફિકજામ સર્જાઈ રહ્યો છે. ભરૂચથી સુરત તરફના ટ્રેક પર ભારે વાહનોની સંખ્યા વધુ હોવાથી સમસ્યા ઊભી થઈ છે. અધિકારીઓએ વધુમાં જણાવ્યું કે, ટ્રાફિક નિયંત્રણ માટે પિક અવર્સ દરમિયાન વધારાનો સ્ટાફ તૈનાત કરવામાં આવશે અને રોડની સાઈડ પર લાંબા સમય સુધી પાર્ક કરાતાં વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. નાનાં અને મોટાં વાહનો માટે લેન શિસ્ત જળવાઈ રહે તે માટે નિયમિત ચેકિંગ હાથ ધરાશે.

વાહનચાલકોને નિયમોનું પાલન કરવા અપીલ

હાઇવે પ્રશાસન દ્વારા પણ ટૂંક સમયમાં ટ્રાફિક મેનેજમેન્ટ સુધારવા, સંકેતો (સાઇનેજ) લગાવવા અને અવરોધરૂપ બનેલાં વાહનોને તાત્કાલિક દૂર કરવા માટે કાર્યવાહી શરૂ કરવાની ખાતરી આપવામાં આવી છે. તંત્ર દ્વારા વાહનચાલકોને નિયમોનું પાલન કરવા અને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

સંક્ષિપ્ત સમાચાર

વિદ્યાદીપ યુનિવર્સિટીને સ્ટાર એજ્યુકેશન એવોર્ડ્સ-2025માં “બેસ્ટ યુનિવર્સિટી”નું સન્માન

કિરણ ઠોડિયા

કીમઃ વિદ્યાદીપ યુનિવર્સિટીને સ્ટાર એજ્યુકેશન એવોર્ડ્સ 2025 અંતર્ગત “બેસ્ટ યુનિવર્સિટી”ના પ્રતિષ્ઠિત એવોર્ડથી નવાજવામાં આવી છે. આ ગૌરવપૂર્ણ સન્માન ડિસેમ્બર-2025 દરમિયાન મુંબઈમાં યોજાયેલા એજ્યુકેશન સપ્લાય એન્ડ ફ્રેન્ચાઈઝ એક્સ્પો (ESFE) 2025 અંતર્ગત આયોજિત ભવ્ય સમારોહમાં આપવામાં આવ્યું હતું. શૈક્ષણિક ક્ષેત્રે અવિરત પ્રતિબદ્ધતા, નવીન અભ્યાસક્રમો, ગુણવત્તાસભર શિક્ષણ પદ્ધતિ, શિસ્તબદ્ધ શૈક્ષણિક વાતાવરણ તથા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના સતત પ્રયાસોને આધારે વિદ્યાદીપ યુનિવર્સિટીને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

મઢીમાં ઠંડીમાં ઠુંઠવાતી વૃદ્ધાની વહારે અભયમ

બારડોલીઃ શિયાળાની કડકડતી ઠંડીમાં છેલ્લા ૧૩-૧૪ દિવસથી રસ્તા પર રહેતી ૬૦ વર્ષીય અજાણી વૃદ્ધ મહિલાની ૧૮૧ અભયમ હેલ્પલાઈન વ્હારે આવી હતી. સ્થાનિક લોકો સાથે પૂછપરછ તથા કાઉન્સેલિંગ દરમિયાન જાણવા મળ્યું કે, મહિલા મરાઠી ભાષામાં વાત કરે છે, પરંતુ પરિવાર, સરનામું કે ઓળખ સંબંધિત કોઈ સ્પષ્ટ માહિતી આપી શકતી ન હતી. તેમની પાસે કોઈ દસ્તાવેજ પણ ન હતા અને આજુબાજુના વિસ્તારમાં તપાસ છતાં કોઈ ઓળખ મળી ન હતી.

ઓલપાડના માસમા ગામે શ્રમિકનું મોત

સાયણઃ મૂળ ઓરિસ્સાના ગંજામનો વતની સંબારા કાલુ સ્વાઇન (ઉ.વ.૪૭) હાલ ઓલપાડના માસમા ખાતે વલકલ નહેર પાસે બ્લોક નં.૧૧/૧૨ની સાંઇ ઇન્ડસ્ટ્રિઝના રૂમમાં રહી ત્યાં કામ કરતો હતો. સંબારા સ્વાઇન ગત તા.૨૭ ડિસેમ્બરે રાત્રે ૧૦:૧૫ કલાકના સુમારે પોતાની રૂમ ઉપર જતી વખતે સીડી ઉપરથી પગ લપસી જતાં તેને માથાના ભાગે ગંભીર ઇજા થઇ હતી. જેથી સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ચાલુ સારવાર દરમિયાન ફરજ ઉપરના ડોક્ટરે સંબારા સ્વાઇનને તા.૩૦ ડિસેમ્બરે બપોરે ૩:૨૦ કલાકે તપાસી મૃત જાહેર કર્યો હતો.

કીમ નજીકના મૂળદ ગામે ૬૫ વર્ષીય વૃદ્ધનું અગમ્ય કારણોસર મોત

કીમઃ કીમ પોલીસ સ્ટેશનની હદમાં આવતા મૂળદ ગામે એક વૃદ્ધનું રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યું છે. મૂળ પંચમહાલના ગોધરા તાલુકાના વતની અને હાલ મૂળદ ગામની યોગી એસ્ટેટ-૨માં રહેતા ૬૫ વર્ષીય મંગળસિંહ રાયસિંગ લવાર (બારિયા)નું ગત તા.૨૯/૧૨/૨૦૨૫ની રાતથી તા.૩૦/૧૨/૨૦૨૫ની સવાર દરમિયાન અગમ્ય કારણોસર મોત થયું હતું. આ બનાવ અંગે રૂપાભાઈ સળુભાઈ લવારે કીમ પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નેત્રંગના ચંદ્રવાણમાં મોબાઈલ ચોરીની શંકાએ યુવક ઉપર હુમલો: બે સામે ફરિયાદ

નેત્રંગઃ નેત્રંગના ચંદ્રવાણ ગામે મોબાઈલ ચોરીની શંકા રાખી એક યુવકને ઢોર માર મારવાની ઘટના સામે આવી છે. ગામના જ સહેન્દ્રભાઈ ઉર્ફે રાજેશભાઈ વસાવાને ગત ૨૮મી તારીખે જયેશ વસાવા અને શુકલ વસાવા ‘ચા પીવા’ના બહાને પોતાના ઘરે બોલાવી ગયા હતા. ત્યાં પહોંચતા જ જયેશે પોતાના ગુમ થયેલા મોબાઈલ બાબતે પૂછપરછ કરી હતી. સહેન્દ્રભાઈએ અજાણ હોવાનું જણાવતા, બંને શખ્સોએ ઉશ્કેરાઈને તેમને ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ જયેશ અને શુકલે લાકડીના સપાટા મારી સહેન્દ્રભાઈને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ફળિયાના લોકોએ વચ્ચે પડી મામલો શાંત પાડ્યો હતો અને ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે નેત્રંગ સરકારી દવાખાને ખસેડાયો હતો. આ અંગે સહેન્દ્રભાઈએ જયેશ વિરસીંગભાઈ વસાવા અને શુકલ શંકરભાઈ વસાવા વિરુદ્ધ નેત્રંગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

કારેલીમાં નહેરમાંથી અજાણ્યાની લાશ મળી

સાયણઃ ઓલપાડના કારેલી ગામની સીમમાંથી પસાર થતી કાકરાપાર નહેરમાંથી એક અજાણ્યા પુરુષની લાશ મળી આવી હતી. આશરે ૩૫થી ૪૦ વર્ષની વયના આ પુરુષની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. પ્રાથમિક તપાસમાં શરીર પર ઈજાનાં કોઈ નિશાન જણાયાં નથી. પોલીસના અનુમાન મુજબ ઉપરવાસમાં નહેરના પાણીમાં પડવાથી લાશ તણાઈને અહીં આવી હોઈ શકે છે. હાલ ઓલપાડ પોલીસે અકસ્માતે મોતના ગુના હેઠળ વાલી-વારસદારોની શોધખોળ શરૂ કરી છે.

સોનગઢ તાલુકામાં વન અધિકારની દાવા અરજીઓ ૧૭ વર્ષથી પેન્ડિંગ

વન અધિકારના પેન્ડિંગ દાવાઓ અને પ્રોજેક્ટ સરવેના વિરોધમાં કલેક્ટરને આવેદન

સોનગઢઃ સોનગઢ તાલુકામાં ‘વન અધિકાર અધિનિયમ-૨૦૦૬’ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯થી પેન્ડિંગ રહેલી દાવા અરજીઓ સત્વરે મંજૂર કરી અધિકાર પત્ર આપવાની માંગ સાથે લોક સંઘર્ષ મોર્ચા દ્વારા બુધવારે કલેક્ટર અને પ્રાયોજના વહીવટદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના એડ્વોકેટ, મોરચાના આગેવાનો અને લીંબી, ખેરવાડા, સરજમલી, નિંદવાડા, બુધવાડા, જૂના આમલપાડા, ભટવાડા, પાથરડા મેઢા તેમજ બેડવણ-ભેંસરોટ સહિતના અનેક ગામોના આદિવાસી દાવેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આવેદનપત્રમાં રજૂઆત કરવામાં આવી હતી કે, ભારત સરકારે આદિવાસી સમાજ પર થયેલા ઐતિહાસિક અન્યાયને દૂર કરવા વન અધિકાર કાયદો અમલમાં મૂક્યો છે, તેમ છતાં તંત્રની ઉદાસીનતાને કારણે આદિવાસીઓએ આજે પણ પોતાના હક માટે વારંવાર રજૂઆતો કરવી પડે છે. દાવેદારોએ બાપદાદાના સમયથી વન જમીન પરના કબજા અંગેના તમામ કાયદેસર પુરાવાઓ, ગ્રામસભાના ઠરાવો અને પંચનામા સાથે વર્ષ-૨૦૦૯માં તાલુકા કક્ષાની સમિતિમાં અરજીઓ જમા કરાવી હતી. હાઈકોર્ટમાં થયેલી રજૂઆત મુજબ, વર્ષ-૨૦૧૯માં તાલુકા કક્ષાએ ૬૧૭માંથી ૬૦૦ અરજીઓ મંજૂર કરવામાં આવી હોવા છતાં જિલ્લા કક્ષાની સમિતિએ આ ફાઈલો હજુ સુધી પેન્ડિંગ રાખી છે. એકસરખા પુરાવા હોવા છતાં કેટલાકને હક મળ્યા છે અને કેટલાક વંચિત રહ્યા છે, જે બંધારણીય સમાનતાના અધિકારનો ભંગ છે.

વધુમાં, લોક સંઘર્ષ મોર્ચાએ આક્ષેપ કર્યો છે કે વન અધિકાર અને પેસા કાયદાના ઉલ્લંઘન સાથે ૭૦ હજાર હેક્ટર વિસ્તારને અભયારણ્ય જાહેર કરવા અને ઉકાઈ જળાશય પર ૧૫૦૦ મેગાવોટના સોલર પ્રોજેક્ટ માટે સરવે હાથ ધરવામાં આવી રહ્યો છે. આ કામગીરીથી સ્થાનિકોની આજીવિકા જોખમાવાની ભીતિ હોવાથી આ સરવે તાત્કાલિક રદ કરી વન જમીન પર અધિકાર પત્ર અને ૭/૧૨ની પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરવા માંગણી કરવામાં આવી છે.

પલસાણામાં શ્રમજીવી મહિલા સાયબર ઠગાઈનો શિકાર

ઠગોએ મદદના નામે 23,000 ખંખેરી લીધા

પલસાણાઃ ડિજિટલ યુગમાં વધતા સાયબર ગુનાઓ હવે સામાન્ય અને શ્રમજીવી વર્ગને નિશાન બનાવી રહ્યા છે. પલસાણા વિસ્તારમાં રહેતી અને કટલરીની લારી ચલાવી ગુજરાન ચલાવતી પરપ્રાંતીય મહિલા સરીતાકુમારી સુજીતકુમાર દાસ ડિજિટલ ઠગોની જાળમાં ફસાઈ હોવાની ગંભીર ઘટના સામે આવી છે.

ભોગ બનનાર મહિલા સોશિયલ મીડિયા પર એક વિડીયો જોતી વખતે અજાણતા એક પેજ સાથે જોડાઈ હતી. ત્યારબાદ ઠગોએ વોટ્સએપ મારફતે તેમનો સંપર્ક કરી, પોતે વિદેશમાં રહે છે તેમ જણાવી આર્થિક સહાય આપવાની લાલચ આપી વિશ્વાસ જિત્યો હતો. સહાય મેળવવાની આશામાં સરીતાકુમારીએ ઠગોના કહેવા મુજબ QR કોડ સ્કેન કર્યા હતા. શરૂઆતમાં પ્રોસેસિંગ ફીના નામે 8,000 પડાવ્યા બાદ, ઠગોએ ધમકી આપી વધુ 15,000 ટ્રાન્સફર કરાવ્યા હતા. આમ, કુલ 23,000ની છેતરપિંડી આચરવામાં આવી હતી. વધુ નાણાંની માંગણી થતાં શંકા જાગતાં મહિલાએ તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર 1930 પર જાણ કરી હતી. હાલ સાયબર ક્રાઈમ વિભાગના માર્ગદર્શન હેઠળ લોકલ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

બાજીપુરા ગામે જુગાર રમાડનારો ઝડપાયો

વાલોડઃ વાલોડ પોલીસ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળતાં બાજીપુરા ગામે હળપતિવાસ ફળિયામાં પહોંચ્યા હતા. જ્યાં એક શખ્સ ઝાડ નીચે બેસી શ્રીદેવી બજારના નીકળતા અંકો લખી જુગાર રમાડી રહ્યો હતો. પોલીસે તેને ઝડપી પાડી તેની પૂછપરછ કરતાં પોતાનું નામ હર્ષિલ જીતેન્દ્ર ચૌધરી (રહે., નિશાળ ફળિયું, કસવાવ, તા.વ્યારા) હોવાનું જણાવ્યું હતું. તેની પાસેથી રોકડા રૂ.10150 કબજે કરી ગુનો નોંધી વાલોડ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

માંડવી પાલિકાએ 35 કિલો પ્લાસ્ટિક જપ્ત કર્યું

રૂ.23,800નો દંડ વસૂલ્યો, આગામી દિવસોમાં પણ કાર્યવાહી ચાલુ રહેશે

હિતેશ પટેલ

માંડવીઃ માંડવીમાં પ્લાસ્ટિકની કોથળીઓ સામે કડક કાર્યવાહી કરવા નગર પાલિકાના ચીફ ઓફિસર પૂર્વીબેન પટેલ અને પાલિકાની ટીમોએ દુકાનદારો અને વેપારીઓની દુકાનોનું ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન 35 કિલો પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં નિયમભંગ કરનાર વેપારીઓ પાસેથી કુલ રૂ.23,800નો દંડ વસૂલવામાં આવ્યો હતો. પાલિકાની આ કડક કામગીરીથી દુકાનદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ અભિયાન 19 ડિસેમ્બરથી શરૂ કરવામાં આવ્યું હતું. પાલિકાના અધિકારીઓએ સ્પષ્ટ જણાવ્યું છે કે, સરકારના નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે આગામી દિવસોમાં પણ પ્લાસ્ટિક જપ્ત કરવાની અને દંડ વસૂલવાની કામગીરી ચાલુ રાખવામાં આવશે. આનાથી પ્લાસ્ટિકના ઉપયોગમાં ઘટાડો થશે તેવી અપેક્ષા છે. આ પ્લાસ્ટિક જપ્તી અભિયાન ઉપરાંત, માંડવી નગરપાલિકા દ્વારા સફાઈ કામગીરી અને ડોર-ટુ-ડોર સુપરવિઝન પણ ચીફ ઓફિસર અને આરોગ્ય ટીમ દ્વારા સતત કરવામાં આવી રહ્યું છે. જેના પરિણામે માંડવીમાં સ્વચ્છ અને સુંદર વાતાવરણ જોવા મળી રહ્યું છે, જેમાં નગરજનોનો પણ સારો સહકાર મળી રહ્યો છે.

યુનિયન બૅંક ઑફ ઇન્ડિયા / Union Bank of India

કબજા નોટીસ [રૂલ ૮(૧)]

ઉધના દરવાજા મેઈન શાખા : ગ્રાઉન્ડ ફ્લોર, લે-ગ્રાન્ડ બિલ્ડીંગ, એપલ હોસ્પીટલ સામે, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત- ૩૯૫૦૦૨ સંપર્ક નં. +૯૧ ૮૩૫૬૮૦૧૮૫૮
Email : ubin0901857@unionbankofindia.bank

નીચે સહી કરનાર **યુનિયન બેંક ઓફ ઈન્ડિયા**, સુરત ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ **તા.૧૭/૧૦/૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર/ગીરવેદાર **(૧) મેસર્સ નેહલ જેમ્સ, એક ભાગીદારપેઢી (દેવાદાર), (૨) શ્રી જીતેન્દ્રભાઈ ભીમજીભાઈ ઘોડાદરા (ભાગીદાર અને જામીનદાર) (૩) શ્રીમતી રેખાબેન જીતેન્દ્રભાઈ ઘોડાદરા (ભાગીદાર અને જામીનદાર) (૪) શ્રી રાહુલ જીતુભાઈ ઘોડાદરા (ભાગીદાર અને જામીનદાર) (૫) શ્રીમતી તૃષ્ણા રાહુલ ઘોડાદરા ઉર્ફે તૃષ્ણા નરોત્તમ મીસ્ત્રી (ભાગીદાર અને જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૬,૪૦,૫૧,૦૬૬.૬૧ (અંકે રૂા. છ કરોડ ચાલીસ લાખ એકાવન હજાર છાસઠ અને એકસઠ પૈસા પુરા)** વ્યાજ, ચાર્જીસ, કોસ્ટ અને ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર/ગીરવેદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/જામીનદાર/ગીરવેદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૩૦મી ડિસેમ્બર ૨૦૨૫** ના રોજ આ સંપત્તિનો **સાંકેતિક કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/જામીનદાર/ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, ઉધના દરવાજા મેઈન શાખા** ની બાકી રકમ **રૂા.૬,૪૦,૫૧,૦૬૬.૬૧ (અંકે રૂા. છ કરોડ ચાલીસ લાખ એકાવન હજાર છાસઠ અને એકસઠ પૈસા પુરા) તા.૧૬/૧૦/૨૦૨૫** ના રોજના વ્યાજ, ચાર્જીસ, કોસ્ટ અને ખર્ચાઓ સહિત ને સંપૂર્ણ રકમની ચુકવણી ને આધિન રહેશે.

દેવાદારો /જામીનદારો/ગીરવેદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સુરક્ષિત કરેલ મિલકતોનું વર્ણન

મિલકત-૧ : હાઈપોથીકેશન કરેલ સ્ટોક અને બુક ડીબેટસનું પહેલા માળનો, એચ નં. ૬/૨૬૩૬, મોટલ શેરી, રૂઘનાથપુરા, સુરત - ૩૯૫૦૦૩ ખાતે મેસર્સ નેહલ જેમ્સનું ના નામે આવેલા છે.

મિલકત-૨ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે સુરત સીટી સર્વે વોર્ડ નં. ૬, નોંધ નં. ૨૬૩૬, માપ આશરે ૪૮ ચો.વાર એટલે ૪૦.૧૫ ચો.મીટર, મોટલ શેરી, રૂઘનાથપુરા, શહેર- સુરત, તા. ચોર્યાસી, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા અને શ્રીમતી રેખાબેન ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૩ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૦૨** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૨૦.૦૦ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૮.૫૫ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૪ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૦૩** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૨૦.૦૦ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૮.૫૫ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૫ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૦૫** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૨૦.૦૦ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૮.૫૫ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૬ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૦૬** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૨૦.૦૦ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૮.૫૫ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૭ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૩૫** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૨૦.૦૦ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૮.૫૫ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૮ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૩૬** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૨૦.૦૦ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૮.૫૫ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૯ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૩૯** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૨૦.૦૦ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૮.૫૫ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૧૦ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૭૦** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૨૦.૦૦ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૮.૫૫ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૧૧ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૬૦** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૧૯.૩૨ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૭.૮૭ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૧૨ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૬૧** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૧૯.૩૨ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૭.૮૭ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૧૩ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૬૨** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૧૯.૩૨ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૭.૮૭ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૧૪ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૬૩** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૨૦.૦૦ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૮.૫૫ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૧૫ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૬૪** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૨૦.૦૦ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૮.૫૫ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૧૬ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૬૬** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૨૦.૦૦ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૮.૫૫ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૧૭ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૬૯** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૧૯.૩૨ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૭.૮૭ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૧૮ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૭૨** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૧૯.૩૨ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૭.૮૭ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૧૯ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૭૩** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૧૯.૩૨ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૭.૮૭ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૨૦ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૭૪** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૨૦.૦૦ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૮.૫૫ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૨૧ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રહેણાંકના હેતુ બંધાયેલ **‘સોનલ નગર ૧’** નો **પ્લોટ નં. ૧૭૫** માપ આશરે ૧૪ ફુટ × ૪૫ ફુટ બરાબર ૬૩૦.૦૦ ચો.ફુટ એટલે ૫૮.૫૫ ચો.મીટર અને ૨૦.૦૦ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા કોમન રોડ જમીનના કુલ માપ ૭૮.૫૫ ચો.મીટર, ભાગનો બ્લોક નં. ૧૬૪, ગામ. સિવાન, તા. ઓલપાડ, જી.સુરત ખાતે **શ્રી જીતેન્દ્ર ઘોડાદરા** ના નામે આવેલા છે.

મિલકત-૨૨ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે **પ્લોટ નં. એલ-૨૦** માપ ૫૦૨.૩૨ ચો.વાર એટલે કે ૪૨૦.૦૦ ચો.મીટર ઈચ્છાપોર ગામ ની હદમાં , તા. ચોર્યાસી, જી.સુરત ખાતે જમીન અગાઉના ડી.ટી.એ હેઠળ ઈચ્છાપોર ઔદ્યોગીક વસાહતના પ્લોટ નં. ×- ૨, ×-૨ એ અને ×-૩ તરીકે ઓળખાતા અને જાણીતી જમીન માં નીચે મુજબ ના મહેસુલ સર્વે નંબર નો સમાવેશ થાય છે.

(૧) પ્લોટ નં. ×-૨ નો રેવન્યુ સર્વે નં. ૨૭૨/પી, ૨૮૩/પી, ૩૦૦/પી, ૩૦૨, ૩૦૩/પી, ૩૦૪/પી, ૩૦૫/પી, ૩૦૬, ૩૦૭/પી

(૨) પ્લોટ નં. ×-૨એ નો રેવન્યુ સર્વે નં. ૩૦૧, ૩૦૫/પી, ૩૦૮, ૩૦૯, ૩૧૦/પી, ૩૧૧, ૩૨૦/૧/પી, ૩૨૦/૨ + ૩ પી

(૩) પ્લોટ નં. ×-૩ નો રેવન્યુ સર્વે નં. ૨૦૯/પી, ૨૧૧, ૨૧૨, ૨૧૩/પી, ૨૧૫/પી, ૨૧૬/પી, ૩૬૨ + ૩૬૩/પી, ૩૬૪ + ૩૬૫/પી, ૩૬૬/પી, ૩૬૭/પી, ૩૬૮, ૩૬૯, ૩૭૦, ૩૭૧, ૩૭૨/પી, ૩૭૩, ૩૭૪, ૩૭૫, ૩૭૬, ૩૭૭/પી, ૩૭૮, ૩૮૪/પી, ૩૮૫, ૩૮૭ + ૩૮૮ + ૩૯૨+ ૩૯૩, ૩૮૯, ૩૯૦, ૩૯૧, ૨૧૦/પી, ૯૫૮ અને નાર ની જમીન/પી મોજે ગામ ઈચ્છાપોરની હદમાં, તા. ચોર્યાસી, જી.સુરત ખાતે આવેલ જમીન નું કુલ માપ ૨,૩૦,૯૭૦ ચો.મીટર છે.

ભૂતપુર્વ સેઝ હેઠળ ની જમીન ઈચ્છાપોર ઔદ્યોગીક વિસ્તારમાં આવેલ પ્લોટ નં. ×-એ તરીકે જાણીતી અને ઓળખાતી જમીન જેમાં રેવન્યુ સર્વે નં. ૧૯૭/પી, ૧૯૮ થી ૨૦૬, ૨૦૮, ૨૦૯ પૈકી ૨૧૩/૨ પૈકી ૨૧૪, ૨૧૫ પૈકી ૨૧૬ પૈકી ૨૧૭ થી ૨૩૭, ૨૩૮ પૈકી ૨૩૯ થી ૨૪૯, ૨૫૦ + ૨૫૮, ૨૫૧ થી ૨૫૪, ૨૫૫ પૈકી, ૨૫૭ પૈકી, ૨૫૯ પૈકી, ૩૧૭ પૈકી, ૩૧૮ પૈકી, ૩૧૯ પૈકી, ૩૨૦ પૈકી, ૩૨૧ થી ૩૨૯, ૩૩૧ પૈકી, ૩૩૩ પૈકી, ૩૩૪ પૈકી, ૩૩૫ પૈકી, ૩૩૬ પૈકી, ૩૩૭ થી ૩૪૪, ૩૪૫ + ૩૪૬ + ૩૪૭, ૩૪૮ થી ૩૫૭, ૩૫૮+ ૩૫૯, ૩૬૦, ૩૬૧, ૩૬૨ +૩૬૩ પૈકી, ૩૬૪ + ૩૬૫ પૈકી, ૩૬૬ પૈકી ૩૬૭ પૈકી અને નાર ની જમીન મોજે ગામ ઈચ્છાપોરની હદમાં, તા. ચોર્યાસી, જી.સુરત ખાતે આવેલ જમીન નું કુલ માપ ૭,૩૮,૭૯૭ ચો.મીટર છે.

તા. ૩૦/૧૨/૨૦૨૫ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા